## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ

## અને

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ

# બાળમેળો-૨૦૧૨

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# બાળમેળો

ધોરણ ૧ થી ૫ ના વિભાગો

બાળમેળો એ બાળકેન્દ્રી કાર્યક્રમ છે. એટલે શાલેય શિક્ષણની પ્રક્રિયાના ભાગરૂપે શાળામાં તેનું આયોજન કરવું જોઈએ. એનાથી બાળકો જે શીખશે તે વર્ગખંડમાં શીખે છે તેના કરતાં પણ અદકેરું હશે.

## બાળમેળાના હેતુઓ



~ બાળકોની ક્રિયાશીલતા પોષાય છે.
~ બાળકોની જિજ્ઞાસા જાગૃત થાય છે.
~ બાળકોની સામૂહિક ભાવના વિકસે છે.
~ બાળકોની સર્જનવૃત્તિ સંતોષાય છે.
~ બાળકોની વિચારશક્તિ વિકસે છે.
~ બાળકો અંતઃતૃપ્તિ અનુભવે છે.
~ બાળકોનો આત્મવિશ્વાસ કેળવાય છે.
~ બાળકોને અભિવ્યક્ત થવાની તક મળે છે.
~ વ્યવસ્થા, શિસ્ત, સમયપાલન, ચોકસાઈ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે છે.

## બાળમેળાના પ્રવૃત્તિ ખંડો :

**(૧) ગીત-સંગીત-અભિનય**

**હેતુઓ**

➡ હૃદયની કેળવણી થાય છે.
➡ સૂર, લય અને તાલમાં તરબોળ બની આનંદની અનુભૂતિ કરે છે.
➡ તાલબદ્ધ રીતે ગાતાં શીખે છે.
➡ ભાષા શિક્ષણ થાય છે.
➡ શબ્દ ભંડોળ વધે છે.
➡ અભિવ્યક્ત થવાની તક મળે છે.
➡ શરમસંકોચ દૂર થાય છે.
➡ ગીત સાથે તેને અનુરૂપ જ્ઞાન મળે છે.
➡ કલ્પનાશક્તિ વિકસે છે.

~ વર્ગખંડની પ્રવૃત્તિઓ : તાલની રમત, જોડકણાં, બાલગીત, અભિનય ગીત
~ સાધનો : ખંજરી, મંજીરા, ઢોલક, તબલાં.

(૨) **બાલ રમત :**

**હેતુઓ**



➡ આનંદની અનુભૂતિ થાય છે.

➡ વ્યક્ત થવાની તક મળે છે.

➡ સમૂહમાં રહેવાની ભાવના સંતોષાય છે,

➡ ભાતૃભાવ વિકસે છે અને મૈત્રીના મંડાણ થાય છે.

➡ બાળકોનું શરીર સુદૃઢ અને ખડતલ બને છે.

➡ ધીરજ, એકાગ્રતા, સહિષ્ણુતા, શિસ્ત, વ્યવસ્થા, નિયમપાલન, સહકાર અને ખેલદિલી જેવા ગુણો વિકસે છે. તાજગી અનુભવે છે.

➡ નેતૃત્વની તેમજ જવાબદાર અનુયાયી બનવાની તાલીમ મળે છે.

➡ અનુકૂલન સાધતાં શીખે છે.

~ રમાડવા જેવી રમતો :

➡ પંખી ઊડે ફરરર.

➡ ગાંધીજી કહે.

➡ અગડમ્ બગડમ્.

➡ નદી કે પર્વત

➡ કેટલા રે કેટલા ?

➡ સંગીત ખુરશી.

➡ ખાઉં.

➡ હું કહું તેમ કરો, કરું તેમ નહીં. ભીમની છીંક.

➡ ગાળિયા પસાર,

➡ ગોળના ગાડા આવે છે,

➡ પાસીંગ ધ પાર્સલ

~ સાધનો : દોરી, દડો, બેસવાનું ટેબલ, વર્તુળ કરવા ચોકસ્ટીક, ગાળિયા, ખંજરી વગેરે.

(૩) **બાલવાર્તા :**

**હેતુઓ**

➡ આનંદની અનુભૂતિ થાય છે.

➡ કલ્પના શકિતનો વિકાસ થાય છે.

➡ પાત્રો - પ્રસંગો દ્વારા સમાજજીવનનો પરિચય થાય છે.

➡ શબ્દ ભંડોળ વધે છે અને ભાષાનો વિકાસ થાય છે.

➡ સ્મૃતિ વિકાસ થાય, નાટ્યશક્તિમો પાયો રચાય છે.

➡ આવેગોને વ્યક્ત થવાનો મોકો મળે છે.- ભાવ વિરેચન થાય છે, સંસ્કાર ઘડતર થાય છે.

➡ શિક્ષક કે મા-બાપ સાથે આત્મીયતા સધાય છે.

➡ વાર્તા દ્વારા અન્ય વિષયો રસપ્રદ રીતે શીખવી શકાય છે.

➡ જિજ્ઞાસા જાગૃત થાય અને તૃપ્ત થાય છે.

~ કહેવા જેવી વાર્તાઓ :

➡ કચેરી મેં જાઉંગા, ટશૂકભાઈ ➡ દીકરીને ઘરે જાવા દે. ➡ રાજા સુપડકન્નો.

➡ સસ્સાભાઈ સાંકળિયા. ➡ કાગે મારું મોતી લીધું. ➡ રૂપા કેરી મઢૂલી.

➡ સાંભળો છો દળભંજનજી.

~ સાધન : વાર્તા કહેનાર માટે ઊંચી બેઠક.

(૪) **બાળ નાટક :**

**હેતુઓ**



➡ અભિવ્યક્તિ થવાની તક મળે છે.

➡ વકતૃત્વશક્તિ વિકસે છે.

➡ અવલોકન અનુકરણ કરવાની શક્તિ વિકસે છે.

➡ અભિનય કૌશલ્ય ખીલે છે.

➡ ક્ષોભ સંકોચ દૂર થાય છે.

➡ સ્નાયુઓ પર કાબૂ આવે છે.

➡ સ્મૃતિ, કલ્પના અને તર્કશક્તિનો વિકાસ થાય.

➡ ઉચ્ચારણો શુદ્ધ થાય છે.

➡ આવેગોની સહજ અભિવ્યક્તિ થાય છે.

➡ નાયકનું કથાવસ્તુ સહજ રીતે આત્મસાત થાય છે.

~ ભજવવાં જેવાં બાલનાટકો :

➡ વાર્તા કહીને, તેને આધારે બનતાં બાલનાટકો. ➡ ઘરમાં બનતાં બનાવ પરથી રચાતાં નાટકો.

➡ શાળામાં કે શેરીમાં બનેલા પ્રસંગો પરથી બનતાં નાટકો. ➡ કવિતાના આધારે બનતાં નાટકો.

➡ પ્રાણીઓની બોલવા ચાલવાની રીત રજૂ કરતાં નાટકો (મિમિક્રી).

~ સાધનો : મુગટ,ટોપી,પટ્ટો,ખેસ,લાકડી,ખુરશી,દુપટ્ટો,રીબન,દોરી,સૂંડલી,ચાદર.પશુ-પક્ષીના મ્હોરાં વગેરે.

(૫) **માટીકામ :**

**હેતુઓ**

➡ ભીની માટીનો સ્પર્શ આનંદ આપે છે.

➡ હસ્ત કૌશલ્ય ખીલે છે,

➡ કલ્પનાશક્તિ વિકસે છે.

➡ સર્જનનો આનંદ પ્રાપ્ત થાય છે.

➡ મુક્ત અભિવ્યક્તિને તક મળે છે.

➡ જે વસ્તુનું સર્જન કર્યું હોય તે અંગે વિશેષ જ્ઞાન મળે છે.

➡ આંખ અને હાથના આંગળાઓનું સામંજસ્ય કેળવાય છે.

~ માટીકામની કરવા જેવી પ્રવૃત્તિઓ :

ખેતરાઉ માટી ગાળી, ચોખ્ખી કરી થોડીક રાખ ભેળવીને પલાળવી. તેની મદદથી નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

➡ શાકભાજીના નમૂના ➡ મણકા ➡પશુ-પંખીના નમૂના

➡ઘરવપરાશની ચીજોનાં નમૂના ➡ ફળોના નમૂના ➡વાહનોના નમૂના ➡ ઘર

~ સાધન : પલાળેલી માટી, ધરતી.

(૬) **છાપકામ :**

**હેતુઓ**



➡ સર્જનનો આનંદ માણે છે.

➡ હસ્તકૌશલ્ય ખીલે છે.

➡ કલ્પના શકિતનો વિકાસ થાય

➡ સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણો વિકસે છે

➡ જુદા જુદાં રંગોથી પરિચિત થાય છે.

➡ મૂળરંગોમાંથી મિશ્રરંગો બનાવતાં શીખે છે.

➡ છાપકામની વિવિધ રીતોથી પરિચિત થાય છે..

~ છાપકામની વિવિધ પ્રવૃત્તિઓ :

➡ ભીંડા વડે છાપકામ ➡બટાટા વડે છાપકામ ➡ અંગૂઠા-આંગળી વડે છાપકામ

➡દોરા વડે છાપકામ ➡ કાગળના ડૂચા વડે છાપકામ ➡પાંડદાં વડે છાપકામ ➡ સિક્કા વડે છાપકામ

~ સાધનો :

વિવિધ રંગો ભરેલા વાટકા, ભીંડા, કોતરેલા બટાટા, દોરી, સ્ટેમ્પ પેડ, કાઘલના ડૂચા, પાંદડા, પસ્તી વિવિધ સિક્કા.

(૭) **ચિત્રકામ :**

**હેતુઓ**

➡ સૌંદર્ય દ્દષ્ટિ વિકસે છે.

➡ કલ્પનાશકિતનો વિકાસ થાય છે.

➡ આંગળાના સ્નાયુઓ કેળવાય છે.

➡ મુક્ત અભિવ્યક્તિની તક મળે છે.

➡ સર્જનનો આનંદ મળે છે.

➡ લેખન માટેની પૂર્વ તૈયારી થાય છે.

➡ ચિત્રની ‘વિષય વસ્તુ’ વિશે વિશેષ જાણકારી મળે છે.

➡ અવલોકન શક્તિ વિકસે છે.

➡ એકાગ્રતાનો ગુણ કેળવાય છે.

~ કેવા ચિત્રો દોરાવી શકાય ?

➡ પશુ-પક્ષીના ➡ કુદરતી દ્દશ્યો ➡ પ્રસંગચિત્રો, ભૌમિતિક આકારોની મદદથી બનતાં ચિત્રો

➡ ધ્વજ-ધજાનાં ચિત્રો, ઘરની વસ્તુઓ. ➡ રંગોળી. ➡ ટપકાં ➡ ક્રમિક અંકો જોડી ચિત્ર બનાવવું.

➡ ચિત્ર ઉપર પારદર્શક કાગળ મૂકી ચિત્ર પાડવું. ➡કાર્બન પેપરની મદદથી ચિત્ર છાપવું.

➡ પૂંઠાના કટિંગની ધાર આજુબાજુ પેન્સિલ ફેરવી ચિત્ર પાડવું.

~ સાધનો : કાગળ, પેન્સિલ, જુદા જુદા ભૌમિતિક આકારોનાં પૂંઠા, બંગડી, જુદાં જુદાં ચિત્રોવાળાં કેલેન્ડરો.

(૮) **રંગપૂરણી :**



**હેતુઓ**

➡ સર્જનનો આનંદ મળે છે.

➡ આંગળાના સ્નાયુઓ કેળવાય છે.

➡ વિવિધ રંગોનો પરિચય થાય છે.

➡ મિશ્ર રંગો બનાવતા શીખે છે.

➡ સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણો કેળવાય છે.

➡ જેમાં રંગ પૂરે તે ‘બાબત’નો પરિચય થાય છે.

~ રંગપૂરણીની પ્રવૃત્તિઓ :

➡ પશુ-પક્ષીના ચિત્રમાં રંગપૂરણી

➡ વિવિધ ફુલોના ચિત્રોમાં રંગપૂરવો

➡ ઢીંગલીના ચિત્રમાં રંગપૂરણી

➡ ભૌમિતિક આકૃતિમાં રંગપૂરણી

➡ રંગોળીમાં રંગકામ

➡ ધ્વજ કે ધજામાં રંગ પૂરવાં

➡ પ્રકૃતિ ચિત્રમાં રંગપૂરણી

~ સાધનો : તૈયાર ચિત્રો, રંગો, ટેકા માટે પાટી, પેડ કે પૂંઠું.

(૯) **ગડીકામ :**



**હેતુઓ**

➡ સર્જનનો આનંદ માણે છે.

➡ હસ્ત કૌશલ્ય ખીલે છે.

➡ ચોકસાઈનો ગુણ વિકસે છે.

➡ નકામી વસ્તુઓમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવતાં શીખે છે.

➡ રચનાત્મક કલ્પનાઓનો વિકાસ થાય છે.

~ ગડીકામની પ્રવૃત્તિઓ :

➡ કાગળની વિવિધ ગડી કરાવવી.

➡ ચોપડી, કબાટ, હોડી, છરી વહાણ, કપ રકાબી, પાકિટ, ટોપી, બાસ્કેટ, બોક્ષ વગેરે બનાવવાં.

~ સાધનો :

પસ્તી અથવા સાદા કાગળનાં કે ઘૂંટેલા કાગળના ચોરસ ટુકડાઓ.

**(૧૦) કાતરકામ :**

**હેતુઓ**

➡ સૌંદર્ય દૃષ્ટિ વિકસે છે.

➡ હસ્ત કૌશલ્ય ખીલે છે.

➡ સર્જનનો આનંદ માણે છે.

➡ ધીરજ, ચોકસાઈ અને સ્વચ્છતા જેવા ગુણો વિકસે છે.

➡ કાતરનો યોગ્ય રીતે ઉપયોગ કરતા શીખે છે.

~ કાતરકામની પ્રવૃત્તિઓ

➡ ઘૂંટેલા કાગળની ગડીવાળી તેમાં કાતરથી કાપા મૂકી, વિવિધ ડિઝાઈન પાડવી.

➡ સાદડી બનાવવી

➡ ચિત્રમાંથી જુદા જુદા ભાગ/આકારો બનાવવા

➡ પતંગના કાગળમાંથી રંગબેરંગી પટ્ટીઓ કાપવી.

~ સાધનો : ઘૂંટેલા કાગળ, પતંગના કાગળ, સળી, કાતર, કાર્ડપેપર, ગુંદર.

**(૧૧) ચીટક કામ :**

**હેતુઓ**

➡ સૌંદર્ય દૃષ્ટિ વિકસે છે.

➡ નવસર્જનનો આનંદ માણે છે.

➡ ગુંદર, લાહી, ફેવીકોલ વગેરેનો ચોકસાઈપૂર્વક ઉપયોગ કરતાં શીખે છે.

➡ કલ્પનાશક્તિ વિકસે છે.

➡ ગૃહસુશોભન માટે જરૂરી વસ્તુઓ જાતે બનાવતાં શીખે.

~ ચીટકકામની પ્રવૃત્તિઓ :

➡ વિવિધ આકારો પર દિવાસળી ચોંટાડવી. ➡ વિવિધ આકારો પર ટીલડી કે ચાંદલા ચોટાડવા.

➡ તાવડી તે પૂંઠા પર આભલાં, સતારા કે ઝગમગિયા કાગળનાં વિવિધ આકારોથી નવી ભાત ઉપસાવવી.➡ કાર્ડપેપર પર ઘૂંટેલા કાગળમાંથી કાપેલાં વિવિધ આકારો ચોંટાડી સળંગ ચિત્ર બનાવવું.

➡આઈસ્ક્રીમની ચમચી કાર્ડપેપર પર વિવિધ રીતે ચોંટાડી જુદા જુદા આકારો ઉપસાવવા.

➡ કાર્ડપેપરની ફૂલદાની કે બોક્સના ઘૂઘરા કે કાર્ડપેપપરના મુગટ પર સુંશોભન કરવું.

~ સાધનો : ઘૂંટેલા કાગળ, કાર્ડપેપર, આઈસ્ક્રીમની ચમચી, ગુંદર/લાહી ફેવીકોલ, કાતર વગેરે.

(૧૨) **વિજ્ઞાન પ્રયોગશાળા :**

**હેતુઓ**

➡ અવલોકન શક્તિ વિકસે છે ➡ જિજ્ઞાસાવૃત્તિ ઉત્તેજાય-સંતોષાય છે.

➡ સંશોધનવૃત્તિ ખીલે છે. ➡ તર્કશક્તિ વિકસે છે.

➡ વર્ગીકરણ, પૃથક્કરણ અને સંયોગીકરણ કરતાં શીખે છે.

➡ કાર્ય કારણ સંબંધો જાણે છે.

➡ વૈજ્ઞાનિક ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે છે.

➡ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે છે.

➡ અનુભવજન્ય જ્ઞાન મેળવે છે.

~ વિજ્ઞાનના સાદા પ્રયોગો :

➡ લોહચૂંબક અને ખીલી વચ્ચેનું આકર્ષણ ➡ લોહચૂંબક અને ઉત્તર-દક્ષિણ દિશાઓ. ➡ પાણીમાંથી પ્રકાશનું પરાવર્તન સપ્તરંગી પટ્ટો પાડવો. ➡ બિલોરીકાચથી અક્ષરો જોવા. ➡ પાણીમાં શું તરે ? શું ડૂબે ? ➡ સાદા પાણીમાં અને મીઠાવાળા પાણીમાં લાકડું કેટલું ડૂબે ? ➡ પાવર તોડવો. ➡ બેટરી ચાલુ કરવી. ➡ તાળું ખોલવું. ➡ મીણબત્તી પર પ્યાલો ઢાંકવો. ➡ બકનળીથી પાણી એક વાસણમાં બીજા વાસણમાં ફેરવવું. ➡ ખાલી શીળી પાણીમાં ડૂબાડવી.➡ ત્રાજવા વડે વજન કરવું. ➡ કેલીડોસ્કોપ જોવું વગેરે.

~ સાધનો :

લોહચુંબક, ખીલીઓ, ટાંકણી, દોરી, સ્ટેન્ડ, બિલોરીકાચ, કાચના ગ્લાસ, ટેસ્ટટયુબ અને સ્ટેન્ડ, ખાંડ, મીઠું, લોખંડની ભૂકી, લાકડાના ટુકડા, મીણબત્તી, રબરની નળી, કેલિડોસ્કોપ, તાળું અને ચાવીઓનો ઝૂડો, પાવર, બેટરી, અરીસો, ત્રાજવું વગેરે.

(૧૩) **જાદુનગરી :**

**હેતુઓ**

➡ મનોરંજન તેમજ વિસ્મય સંતોષાય છે.

➡ જિજ્ઞાસાવૃત્તિ જાગૃતિ થાય છે.

➡ જાદુઈ ઘટના પાછળનું વિજ્ઞાન સમજે છે.

➡ જાદુ કરી શકે તેવા સાધનો બનાવે છે.

~ જાદુની પ્રવૃત્તિઓ :

➡ મૂળરંગોની મિલાવટથી મિશ્ર રંગો બનાવવા. ➡ ડબ્બામાંથી આદેશ અનુસાર વરસાદ વરસાવવો. ➡ કોરા કાગળમાં અદ્રાવ્ય શાહીથી સંદેશો વાંચવો. ➡ ફુગ્ગાનું ઓપરેશન. ➡ કાગળમાં પાણી ઉકાળવું. ➡ બિલોરીકાચથી કાગળ બાળવો. ➡ પાણીમાં સોય તરાવવી. ➡ બે ખાલી પ્યાલા ચોંટાડી દેવા. ➡ પ્યાલા નીચેનો સિક્કો ગૂમ કરવો. ➡ પડીકી પર પાણી છાંટી પડીકી સળગાવવી (પડીકીમાં પોટેશ્યમ પરમેંગેનેટ + લીંબુના ફૂલ રાખવા). ➡ રૂમાલમાં રાખેલી દિવાસળીના કટકા કરી તેને આખી દિવાસળી કરી આપવી.

~ સાધનો :

પતરાનો નાનો ડબ્બો, મૂળરંગો અને છ ટેસ્ટટયુબ, કાગળ અને સાબુ, ફુગ્ગો, સેલોટેપ, ટાંકણી, કાચના પ્યાલા, સોય, બોક્સ, રૂમાલ, બિલોરીકાચ, પોટેશ્યમ પરમેંગેનેટ, લીંબુના ફૂલ, પાણી ભરેલી ડોલ, રૂપિયાનો સિક્કો, રૂમાલ વગેરે.

## (૧૪) ભાષા શિક્ષણ :

**હેતુઓ**

➡ શબ્દ ભંડોળ વધે છે.

➡ ભાષાજ્ઞાન વિકસે છે.

➡ હસ્ત કૌશલ્ય ખીલે છે.

➡ અવલોકન શક્તિ વિકસે છે.

➡ સર્જનનો આનંદ માણે છે.

~ ભાષાશિક્ષણની પ્રવૃત્તિઓ :

➡ મૂળાક્ષરો કાપવા. ➡ મૂળાક્ષરોમાં રંગ પૂરવા. ➡ મૂળાક્ષરો ગોઠવી શબ્દો બનાવવા. ➡ શબ્દો ઉપર ટીલડી/અનાજ/ઝરી ચોંટાડવી.➡ મૂળાક્ષરોની જોડી બનાવવી. ➡ જોડિયા શબ્દો બનાવવા. ➡ શબ્દમાંથી વાક્યો બનાવવા. ➡ શબ્દોને અનુરૂપ વસ્તુચિત્રની જોડી બનાવવી. ➡ ચિઠ્ઠીમાં લખેલ લખાણ વાંચવું અને તે મુજબ ક્રિયા કરવી. ➡ શબ્દને અંગ સાધક પ્રત્યયો લગાવી બનતા શબ્દો તથા મૂળશબ્દની જોડી બનાવવી. ➡ આપેલ લખાણ સુંદર અક્ષરે લખવું. ➡ પોતાનો પરિચય આપવો. આજ્ઞા મુજબ ક્રિયાઓ કરવી.

~ સાધનો : જુદા જુદા પદાર્થના ચિત્રો, તેને અનુરૂપ શબ્દકાર્ડ, મૂળાક્ષરો, મૂળાક્ષરોના કટિંગ્ઝ, મીણિયા રંગો, જોડાક્ષરો કાર્ડ્ઝ, લખાણ લખેલ ચિઠ્ઠીઓ, ચણાદાળ, ટીલડી, છરી, ગુંદર વગેરે.

## (૧૫) ગણિત શિક્ષણ :

**હેતુઓ**

➡ ગણન કૌશલ્ય વિકસે છે.

➡ હસ્ત કૌશલ્ય ખીલે છે.

➡ અવલોકન શક્તિ વિકસે છે.

➡ તર્કશક્તિ વિકસે છે.

➡ સંખ્યાની વિવિધ રીતે સરખામણી કરતા શીખે છે.

➡ ચડતા-ઉતરતા ક્રમની સંકલ્પના સમજે છે.

➡ સ્થાનકિંમતની સંકલ્પના સમજે છે.

~ ગણિત શિક્ષણની પ્રવૃત્તિઓ :

➡અમુક સંખ્યાના મણકાની માળા બનાવે.

➡ મણકા કે કચૂકાનાં સૂચવ્યા મુજબનાં જૂથ બનાવે.

➡ સમાન સંખ્યા દર્શાવતા કાર્ડ્ઝની જોડી બનાવે.

➡ કાર્ડમાં દર્શાવેલ સંખ્યા મુજબ ખૂટતી સંખ્યાના ચાંદલા ચોડે.

➡ ૧ થી ૧૦ સુધીના ચડતા/ઉતરતા ક્રમમાં બંગડીના ટુકડા ચોંટાડી લાઈનો કરે.

➡ કાર્ડમાં લખેલ સંખ્યા મુજબ સમાન અંતરે બિયાં ચોંટાડી નાની-મોટી સંખ્યા નક્કી કરે.

➡ આપેલ સંખ્યાના અંકોની સ્થાનકિંમત મુજબ મણકાઘોડીમાં મણકા ગોઠવે.

➡ મૂર્ત વસ્તુઓની મદદથી સરવાળા-બાદબાકીના દાખલા ગણે.

~ સાધનો : મણકા, મણકાઘોડી, સોય-દોરા, બિયાં, કાર્ડ્ઝ, ગુંદર, સંખ્યાકાર્ડ, બંગડીના ટુકડા, સરવાળા-બાદબાકીના દાખલા, લખેલા કાર્ડ્ઝ, કચૂકા, ચાંદલા લગાડેલા કાર્ડ્ઝ, ચાંદલા વગેરે.

**બાળમેળાનું આયોજન :**

:: બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓમાંથી બધી અથવા તો અનુકૂળતા મુજબ દસ જેટલી પ્રવૃત્તિઓ પસંદ કરવી.

:: દરેક પ્રવૃત્તિનું સંચાલન કરી શકે/નિદર્શન કરી શકે અને માર્ગદર્શન આપી શકે તેવા પ્રવૃત્તિદીઠ બે-બે તજજ્ઞો તૈયાર કરવા.

:: જેટલી પ્રવૃત્તિઓ નક્કી કરી હોય તેટલાં વર્ગખંડ અલગ ફાળવવા. કેટલીક પ્રવૃત્તિઓ મેદાનમાં ઝાડ નીચે પણ ચાલી શકે. દરેક ખંડ ઉપર તેમાં જે પ્રવૃત્તિ ચાલતી હોય તેના નામનું બોર્ડ લગાડવું.

:: વર્ગ સંચાલકે પ્રવૃત્તિખંડમાં અડધા કલાક વહેલા આવી, બાળકોની બેઠક વ્યવસ્થા વિચારી લેવી. પ્રવૃત્તિ માટેના સાધનોની ચકાસણી કરી લેવી. જરૂરી સાધનો એકત્રિત કરી, વર્ગમાં યોગ્ય સ્થળે ગોઠવી રાખવા.

:: દરેક વર્ગમાં વીસ-વીસ બાળકો પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા રાખવી. તે મુજબ સાધન સામગ્રી પણ લાવી રાખવી.

:: દરેક વર્ગખંડમાં વારાફરતી વીસ-વીસ બાળકો અડધો કલાક માટે બેસે તેવી યોજના વિચારવી.

:: દર ત્રીસ મિનિટે બેલ વાગે એટલે એક વર્ગખંડના બાળકો બાજુના વર્ગખંડમાં આવે એ રીતે વર્ગખંડ બદલતા રહેવાં.

:: કુલ દસ પ્રવૃત્તિઓ હોય તો વર્ગખંડમાં કુલ પાંચ કલાક જોઈએ તથા એક કલાક વિશ્રાંતિ તેમજ વર્ગ બદલવા માટેની હેરફેર માટે તો જોઈએ. આમ કુલ છ કલાકનો સમય આ માટેના કાર્યક્રમમાં જોઈએ.

:: બાળકો એક સાથે છ કલાક બેસી ન શકે એટલે બાલમેળાનું આયોજન બે બેઠકમાં કરવું. પહેલી બેઠક સવારના ૮-૦૦ થી ૧૧-૦૦સુધી ચાલે. બીજી બેઠક સાંજના ૩-૦૦ થી ૬-૦૦ સુધી ચાલે. અથવા તો પહેલી બેઠક પહેલા દિવસે સવારના ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી તથા બીજી બેઠક બીજા દિવસે સવારના ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી ચલાવવી. આમ, બાલમેળો એક દિવસ માટે રાખવો હોય તો એક દિવસમાં અલગ-અલગ સમયે બે બેઠક રાખવી. જો બે દિવસ માટે યોજી શકાય તેમ હોય તો બંને દિવસે સવારના સમયે ત્રણ કલાકની એક એક બેઠક રાખવી.

:: બાલમેળામાં ભાગ લેનાર બાળકો માટે નાસ્તાની તેમજ પાણીની વ્યવસ્થા રાખવી.

:: બાલમેળામાં કુલ ૨૦૦ બાળકોની જરૂર પડે. એટલે નજીક નજીકની બે શાળાઓ સાથે મળીને કોઈ એક શાળામાં આ પ્રયોગ કરી શકે.

:: આ પ્રવૃત્તિ વિજ્ઞાનમેળાની જેમ જોવા માટેની નથી. પણ ભાગ લેનાર બાળકો માટેના વિકાસ માટે છે. એટલે જે શાળામાં આ પ્રવૃત્તિ ચાલતી હોય તે શાળાના બાળકોને કે બીજી શાળાના બાળકોને આ મેળો જોવા માટે ન બોલાવવા. દરેક ખંડમાં આવનાર બાળકોના ટોળાં વળે, અવાજ થાય તો વર્ગખંડમાં પ્રવૃત્તિ કરતાં બાળકોનાં ધ્યાન અને કાર્યમાં વિક્ષેપ પડે. અને દર્શકો માટે આ કાર્યક્રમ નથી. બને તો બાલમેળા વખતે શાળામાં રજા રાખવી. માત્ર ભાગ લેનાર બાળકોને જ બોલાવવા. બાળકોના વાલીઓને કે અન્ય શાળાના શિક્ષકોને ગામના પ્રતિષ્ઠિત નાગરિકોને આ પ્રવૃત્તિ જોવા માટે નિમંત્રી શકાય. તેઓ બાળકોને વિક્ષેપ ન પડે તેવી રીતે અવલોકન કરે અને વર્ગખંડમાં હરેફરે તે માટે સતત તકેદારી રાખવી.

:: બાલમેળો પૂરો થયા બાદ બાળકોને ભેગા કરી સંમેલન કરવું. તેમને શું શું કરવું ગમ્યું તે પૂછવું.

:: બાળકોએ તૈયાર કરેલ કૃતિઓનું પ્રદર્શન ભરવું. આ પ્રદર્શન શાળાના અન્ય બાળકોને બતાવવું.

:: બાલમેળો પતે પછી તજજ્ઞોએ બેઠક કરવી. યોજેલ કાર્યક્રમ અંગે તેમના પ્રતિભાવો જાણવા જેથી અન્ય શાળાઓને બાલમેળા અંગે અનુભવજન્ય માર્ગદર્શન આપી શકાય.

:: બાલમેળાના ખર્ચનું આયોજન અગાઉથી કરવું તે માટે ગામમાંથી દાતાઓ શોધી કાઢવા. દરેક ગામમાં આવી પ્રવૃત્તિઓ માટે સહકાર મેળવવો શક્ય છે. આચાર્ય, શિક્ષકોની ધગશ પર બધો આધાર છે.

:: વિજ્ઞાનમેળો અને બાલમેળો એ બંને અલગ પ્રક્રિયા છે. બાલમેળો એ મર્યાદિત સંખ્યાના બાળકો માટે જ છે, એટલે બાલમેળો યોજીએ વિજ્ઞાનમેળો ન યોજીએ તો ચાલે એ ખ્યાલ દૂર કરવો. બાલમેળો એ વિજ્ઞાનમેળાની અવેજી રૂપ ન બની શકે.

:: બાલમેળો એ ભાગ લેનાર બાળકો માટે આનંદની યાત્રા છે તથા તેના સર્વાંગીણ વિકાસ માટેનો એક અવસર છે. એનાથી બાળકનામનમાં વિકાસ માટેની અલગ અલગ દિશાઓ ખૂલે છે. જેના તેના ભવિષ્ય માટે  તેના મનમાં કશાકનું આરોપણ કરી જાય છે. આ બીજારોપણ ભવિષ્યમાં વૃક્ષ બનીને પાંગરે છે.

:: બાળકોને આનંદથી તરબોળ કરી દેતા તથા તેમની સુષુપ્ત શક્તિઓને જગાડતાં આવા બાલમેળાઓ શાળાએ શાળાએ ભરાય તેવીશ્રદ્ધા છે.

★★★★★★★★★★★★★★★★★★★



## ‘‘જીવન કૌશલ્ય આધારિત બાળમેળો’’
## ધોરણ - ૬ થી ૮
## જીવનકૌશલ્યો આધારિત બાળમેળાના પ્રવૃખંડો

(૧) સર્જનાત્મકતા
(૨) ચાલો શિખીએ
(૩) સ્વજાગૃતિ સ્વચ્છતા સુશોભન
(૪) હળવાશની પળોમાં
(૫) પર્યાવરણને જાણો-માણો જાળવો
(૬) વાચન લેખન અવલોકન
(૭) સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ
(૮) સમુહજીવન અને બાલપ્રદર્શન



**પ્રાસ્તાવના :**

‘બાળમેળો’ એ શબ્દ આજે ગુજરાતની ગલીએ ગલીએ આવેલી પ્રાથમિક શાળાના બાળક માટે જાણે આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે.

બાળકના શારીરિક અને માનસિક વિકાસનું જેટલું મહત્વ છે તેથી વિશેષ મહત્વ છે તેના જીવનના વિકાસનું ! જીવનના વિકાસની કેળવણી માટેના ઉત્તમ માધ્યમો છે. જીવન કૌશલ્ય...... બાળકમાં રહેલી શક્તિઓને પારખવાનું અને તેના દ્વારા જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પુરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે ‘‘જીવન કૌશલ્ય આધારિત બાળમેળો’’.

આપણે સૌ શિક્ષકમિત્રો, રંગપૂરણી, ચિત્રકામ, માટીકામ, કાગળકામ, છાપકામ, ગીતઅભિનય, વાર્તાનાટક જેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા બાળમેળા માણી રહ્યા છીએ ત્યારે શિક્ષણના નૂતનપ્રવાહો અને માહિતી વિસ્ફોટના યુગમાં જ્યારે પ્રાથમિક શિક્ષણને બે સ્તરમાં વિભાજીત કરવામાં આવ્યું છે ત્યારે ‘જીવન કૌશલ્ય આધારિત બાળમેળા’ની નવી સંકલ્પનાને આગળ વધારીએ.

જેમકે નિમ્ન પ્રાથમિક કક્ષા ધોરણ ૧ થી ૫ ★★
‘‘આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળા’’
અને ઉચ્ચ પ્રાથમિક કક્ષા ધોરણ ૬ થી ૮ ★★
‘‘જીવનકૌશલ્ય આધારિત બાળમેળા’’

★ જીવનકૌશલ્ય આધારિત બાળમેળા (ધોરણ ૬ થી ૮)

જીવનકૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવા માટે, સફળ, સુખમય, શાંતિમય અને સ્વસ્થ જીવનઘડતર માટે અને સતત વિકાસશીલ રહેવા માટે જરૂરી એવા કૌશલ્યો જીવનશૈલીમાં ઊતારતું શિક્ષણ.

જીવનકૌશલ્યો એટલે એવાં કૌશલ્ય, શક્તિઓ, આવડતો કે જે બાળકને રોજીંદા જીવનના પડકારોને હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

★ જીવનકૌશલ્ય આધારિત બાળમેળાના હેતુઓ :-

જીવનકૌશલ્ય આધારિત બાળમેળા દ્વારા જીવનકૌશલ્યોનું માર્ગદર્શન અને કેળવણીના પૂરતાં સ્રોત પૂરાં પાડી શકાય. આ બાળમેળા દ્વારા શિક્ષણનો હેતુ એ છે કે, વિદ્યાર્થીઓ બાળપણથી જ જીવનકૌશલ્યોને તેમની સમજણ

શક્તિમાં ઉતારીને વર્તનમાં મૂકતાં શીખે, અને પોતાની અંગત, સામાજીક અને વ્યવહારુ ઉકેલ દ્વારા અને કાળજીપૂર્વકના આયોજન દ્વારા સતત વિકાસ પામતાં રહે.

વળી, તેઓ તેમની શારીરિક અને માનસિક ક્ષમતાઓનો વધુમાં વધુ ઉપયોગ કરીને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધે.

~ બાળકોની ક્રિયાશીલતા પોષાય
~ બાળકોની જિજ્ઞાસા જાગૃત થાય
~ બાળકોની સામૂહિક ભાવના અને હકારાત્મક ભાવના વિકસે
~ બાળકોની સર્જનવૃત્તિ સંતોષાય
~ બાળકોની વિચારશક્તિ અને નિર્ણયશક્તિ વિકસે
~ બાળકો અંતઃતૃપ્તિ અનુભવે
~ બાળકોનો આત્મવિશ્વાસ અને આત્મસૂઝ કેળવાય
~ બાળકોને અભિવ્યક્ત થવાની તક મળે
~ વ્યવસ્થા, શિસ્ત, સમયપાલન, ચોકસાઈ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે
~ બાળકો સમસ્યાનો વ્યવહારુ ઉકેલ શોધતા થાય
~ બાળકોમાં સ્વજાગૃતિની સજાગતા કેળવાય
~ બાળકો ભૂલો દ્વારા સ્વઅધ્યયનનું કૌશલ્ય કેળવે
~ ભારતના ભાવિ નાગરિકો 'તંદુરસ્ત સમાજ'ના નિર્માણની ભાવના કેળવે

★ જીવનકૌશલ્યો આધારિત બાળમેળાનું આયોજન અને વ્યવસ્થા :

જીવનકૌશલ્યોનું શિક્ષણ એ વાસત્વમાં કંઈ નવું નથી, પરંતુ તેમાં શાળાના બાળકો સભાનતાપૂર્વકના બાળમેળાની જુદીજુદી પ્રવૃત્તિઓના ભાગરૂપે જ રોજબરોજની શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દ્વારા જીવનની કળા હસ્તગત કરે અને તે દ્વારા તે પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી સમાજને ઉન્નતિ તરફ દોરી જાય તેવા પ્રયાસો આ બાળમેળા દ્વારા કરવામાં આવે, એ માટે શાળાના શિક્ષકો અસરકારક ભૂમિકા અદા કરી શકે એ હેતુથી બાળમેળાનું સુચારુ આયોજન અને યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આને તે જીવનકૌશલ્ય આધારિત બાળમેળાની સફળતા માટે જરૂરી છે.

~ સૌપ્રથમ શાળાના આચાર્ય અને શિક્ષકમિત્રો સાથે મળીને 'જીવનકૌશલ્ય આધારિત બાળમેળા'ના નવા અભિગમની સમજૂતી મેળવવી.
~ સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાતને અનુરૂપ અને માહિતીદર્શક કૌશલ્યને ધ્યાનમાં રાખીને 'જીવનકૌશલ્ય'ની યાદી તૈયાર કરવી.
~ 'જીવનકૌશલ્ય'ની યાદીને અનુરૂપ - જુદીજુદી પ્રવૃત્તિના વિભાગોનું આયોજન કરવું
~ શાળાની ભૌતિકરચના મુજબ મેદાન અને વર્ગખંડોમાં જીવનકૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ માટેના ખંડની ફાળવણી કરવી
~ શાળાના શિક્ષકોને તેમના રસ/રુચિ મુજબના વિભાગ/ખંડમાં સંચાલન અને માર્ગદર્શન માટે કાર્ય સોપણી કરવી
~ જીવનકૌશલ્ય આધારિત પ્રવૃત્તિ માટેની યાદી મુજબ પૂર્વતૈયારી રૂપે જરૂરી કાચી સાધનસામગ્રીની યાદી તૈયાર કરી જે તે વિભાગ/ખંડને બાળમેળો શરૂ કર્યા પહેલા સાધન સામગ્રી પહોંચતી કરવી.

દા.ત. હેલ્પલાઈન નંબરોની યાદી, રેલ્વે, બેંકના વ્યવહાર માટેના ફોર્મ, સર્જનાત્મક માટેની વસ્તુઓ,

બાળકોને ધ્યાનમાં રાખી (ધો. ૬ થી ૮) સમસ્યા ઉકેલ માટેના જુદાજુદા વિષયના કોયડાઓ-ઉખાણાઓ,

પ્રવૃત્તિઓ વગેરે ઉપરાંત કેટલાક વ્યવહારુ જીવનના સાધનો - કુકર, ઈસ્ત્રી, સોય-દોરો

~ જે તે વિભાગની પ્રવૃત્તિ માટે શિક્ષકોએ ઉત્સાહી બાળકોની મદદ લેવી

~ શાળાના અન્ય બાળકો ‘જીવનકૌશલ્ય આધારિત બાળમેળા’ની જુદીજુદી પ્રવૃત્તિઓમાં ક્રમશઃ વિભાગોની પ્રવૃત્તિઓમાંથી પસારથાય એ માટે ધોરણ અને બાળકોની સંખ્યા મુજબ ટુકડીઓ બનાવવી.

~ જીવનકૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃત્તિઓ માટેની સાધનસામગ્રી પાછળ ઓછામાં ઓછો ખર્ચ થાય એ રીતે બાળકોના અને લોકસહયોગથી આયોજન કરવું.

~ ધોરણ-૬ થી ૮ ના જીવનકૌશલ્ય આધારિત બાળમેળા માટેની અન્ય સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિમાં વયકક્ષા મુજબની પ્રવૃત્તિની પસંદગી કરવી (અહિં માર્ગદર્શિત પ્રવૃત્તિને પ્રથમ મહત્વ આપવું)

~ કોઈપણ પ્રકારના જોખમથી દૂર રહેવું દા.ત. કપડાને ઈસ્ત્રીની પ્રવૃત્તિ માટે સ્વીચબોર્ડમાં પ્લગ ન ભરાવવું, ગેસનો બાટલો ખાલી જ પસંદ કરવો, લાઈટનો ફયુઝ ફક્ત બાંધતા જ શીખવવું....વગેરે

~ ધોરણ-૬ થી ૮ માટેના જીવનકૌશલ્ય આધારિત બાળમેળા માટેની અન્ય વ્યવસ્થા અને વહીવટી બાબતો પ્રવૃત્તિમય અને આનંદદાયી બાળમેળા મુજબ જ અનુસરવી.

### ★ જીવનકૌશલ્યો આધારિત બાળમેળાના પ્રવૃત્તિખંડોની સમજૂતી :

**૧. સર્જનાત્મક પ્રવૃત્તિઓ :**

**હેતુઓ**

➡ સર્જનનો આનંદ માણે

➡ હસ્તકૌશલ્ય ખીલે, કલ્પનાશક્તિનો વિકાસ થાય

➡ સ્વચ્છતાના, ચોકસાઈના ગુણો વિકસે

➡ સર્જનાત્મકતાની પ્રવૃત્તિ બાળકને સામાજીક, પ્રેમાળ અને પ્રમાણિક બનાવવામાં મદદ કરે છે.

➡ બાળકને પ્રવૃત્તિ દ્વારા શીખવાનો આનંદ મળે

➡ જીવનકૌશલ્યના વિકાસની સાથે બીજા જીવનકૌશલ્યો જેવા કે વિવેચનાત્મક ચિંતન, સમસ્યાનો ઉકેલ, નિર્ણયશક્તિ જેવા કૌશલ્યોનો વિકાસ પણ શક્ય બને

➡ બાળકમાં આત્મનિર્ભરતાનો ગુણ વિકસે

★ કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ :-

➡ નાના બાળકો માટે કાગળની હોડી, ટોપી કે અન્ય રમકડા બનાવવા

➡ ગુજરાતી ભાષાના ચાર કે પાંચ શબ્દ આપી વાર્તા, વાક્યો, કવિતા લખવા માટેની પ્રવૃત્તિ

➡ ગણિત માટેના ભૌમિતિક આકારો તૈયાર કરાવી તેમાંથી જુદાજુદા ચિત્રો બનાવવા

➡ ધોરણ ૬ થી ૮ માટેના માટીકામના રમકડા બનાવવા

**૨. ચાલો શિખીએ :**

**હેતુઓ**

➡ બાળકો પોતાની જરૂરિયાતનું નાનુંમોટું કાર્ય જાતે કરતા શીખે

➡ બાળક આત્મનિર્ભર બને

- ➡ બાળક જીવનમાં શ્રમનું મહત્વ સમજે
- ➡ બાળકો વિષયવસ્તુ દ્વારા મેળવેલ જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરે
- ➡ બાળકમાં વ્યવહારુ કાર્યસુજ વિકસે

★ શીખવી શકાય તેવી પ્રવૃત્તિઓ :-

- ➡ ચોપડી પર પૂંઠુ ચઢાવતા શીખવી શકાય
- ➡ પડીકું વાળતા શીખવવું
- ➡ દિવાલમાં, ચંપલમાં કે ફર્નિચરમાં ખીલ્લી ઠોકતાં કે સ્ક્રુ બેસાડતાં શીખવી શકાય
- ➡ ઈસ્ત્રી, કુકર, મિક્ષ્ચર, ગિઝર વિગેરેનો ઉપયોગ કરતા શીખવી શકાય
- ➡ ગેસનું સિલીન્ડર બદલતાં શીખવવું
- ➡ શેરડીનો સાંઠો છોલીને ખાતા, સુડીથી કેરી કાપતા કે બટાકાના ટુકડા કરતા શિખવી શકાય
- ➡ સત્તાવાળાઓને અરજી કરતાં શીખવી શકાય
- ➡ બુટપોલીસ કરતાં અને પોતાનો પહેરવેશ સ્વસ્છા રાખતા શીખવી શકાય
- ➡ શાળાના, ઘરખર્ચના કે સ્વખર્ચના નાના-નાના હિસાબો લખતા શીખવી શકાય

અહીં આપેલ પ્રવૃત્તિઓની યાદી ફક્ત માર્ગદર્શન રૂપે આપવામાં આવેલ છે. આ વિભાગ અંતર્ગત સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાત મુજબ અન્ય પ્રવૃત્તિઓ કરાવી શકાય.

જીવન ઉપયોગી પ્રવૃત્તિઓ માટેની સાધનસામગ્રી બાળકોના અને શિક્ષકોના સહયોગથી એકઠી કરી શકાય

**૩. સ્વજાગૃતિ-સુશોભન અને સ્વચ્છતાની પ્રવૃત્તિઓ :**

ઉપરની દરેક પ્રવૃત્તિઓ દ્વારા બાળક પોતાની શારીરિક, માનસિક તેમજ વર્તનને લગતી તમામ બાબતો અંગેની સભાનતા અને પોતાના વિચારો, લાગણીઓ તથા વર્તન તરફ વધુ સ્પષ્ટ રીતે વિચારતો થાય છે.

અહિં કેટલીક પ્રવૃત્તિઓની યાદી આપેલ છે જેનો ઉપયોગ બાળમેળાના આયોજન સમયે કરી શકાય.

- ➡ યોગ્ય રીતે પોતાનો પરીચય આપે
- ➡ બાળકોને 'મારી ઓળખ' કાર્યક્રમ કરાવી શકાય
- ➡ સુઘડ રીતે શેતરંજી પાથરતા કે પથારીઓ કરતાં શીખે
- ➡ ફુલોની માળા કે આસોપાલવનું તોરણ બનાવતા શીખે

**૪. હળવાશની પળોમાં :**

જીવનકૌશલ્યનું શિક્ષણ એ માત્ર મૂલ્યો અથવા કામગીરીને બાળકો પર ઠોકી બેસાડવાનું શિક્ષણ નથી પરંતુ જરૂરી કૌશલ્યોનું વિદ્યાર્થીઓના જીવનમાં વાસ્તવિક રીતે સિંચન કરીએ તેમની શક્તિઓ વિકસાવવાનું શિક્ષણ છે.

શિક્ષકમિત્રો, આજે બધે જ તનાવયુક્ત જીવન નજરે પડે છે તેમાં બાળકો પણ કેટલાક તનાવ અનુભવે છે.

- ➡ ગૃહકાર્યનો ભાર
- ➡ સમયસર ટ્યુશનમાં પહોંચવાનો ભાર
- ➡ દફતરના વજનનો ભાર
- ➡ શાળાકીય નાની-મોટી કસોટીનો ભાર
- ➡ બાળકોનું બચપન છીનવાય રહ્યું છે તેનો ભાર
- ➡ ઘરમાં રહેલ તંગ વાતાવરણનો ભાર

આવા તનાવમાંથી બાળકને જીવનની નાની-મોટી સમસ્યાઓ દરમ્યાન કઈ રીતે ઉકેલ લાવવો એ બાબતે માર્ગદર્શન આપી શકાય.

- બાળકોને રસ પડે (ધો.૬-૮) તેવા હાસ્યનાટકો ભજવી શકાય
- વયકક્ષા મુજબ દેશભક્તિગીત, અભિનયગીત કરાવી શકાય
- ટેપરેકોર્ડર દ્વારા રમૂજી ટૂચકા સંભળાવી-કહી શકાય
- ટેપરેકોર્ડર દ્વારા કાવ્યગાન સંભળાવવું
- તજજ્ઞની સહાયથી બાળવાર્તા સંભળાવી શકાય
- ૧૦ થી ૧૫ મીનીટની હાસ્યની ફિલ્મની ક્લિપીંગ બતાવી શકાય
- રમુજી ચિત્રો દોરાવી શકાય, રંગપુરણી કરાવી શકાય

અન્ય આનંદદાયી પ્રવૃત્તિને અહીં અમલમાં મૂકી શકાય

**૫. પર્યાવરણને જાણો, માણો અને જાળવો :**

આ વિભાગની પ્રવૃત્તિઓ મોટે ભાગે વર્ગખંડની બહાર એટલે કે શાળાના મેદાનમાં વધારે સારી રીતે કરાવી શકાય

આજે મોટાભાગની શાળામાં ઔષધબાગની પ્રવૃત્તિ, પક્ષીઘરની પ્રવૃત્તિ, શાળા મેદાનની સ્વચ્છતા-સુશોભનની પ્રવૃત્તિઓ થતી જોવા મળે છે. જીવનકૌશલ્ય આધારિત બાળમેળાના આયોજનના દિવસે આવી પ્રવૃત્તિઓને વિશેષ મહત્ત્વ આપવું. એ દિવસે બાળમેળામાં ભાગ લેનાર દરેક જુથના બાળકો આવી પ્રવૃત્તિમાં નાનુંમોટુ યોગદાન આપે એવી ગોઠવણ કરી શકાય.

- કુંડામાં કે જમીનમાં છોડ રોપે અને તેની માવજત કરે
- કયારાઓની ઈંટોને અને મોટા ઝાડવાને રંગવાની (ગેરૂ) પ્રવૃત્તિ કરે
- કઈ ઋતુમાં કેવો ખોરાક લેવાય અને કઈ ઋતુમાં કઈ વસ્તુઓ ખરીદવી જોઈએ તેની સમજ કેળવે
- વર્ગખંડ/મેદાનની સફાઈ માટેની પ્રવૃત્તિઓ કરે
- શાળાના ઔષધબાગની સમજણ મેળવે અને સાચવણીની પ્રવૃત્તિઓ કરે

**૬. વાંચન-લેખન-અવલોકનની પ્રવૃત્તિઓ :**

ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૬ થી ૮) ના બાળકો માટે આ વિભાગ પણ નવો અને અગત્યનો ગણાવી શકાય

દરેક બાળકમાં કઈક ને કઈક શક્તિઓ પડેલી છે. શાળામાં અભ્યાસ દ્વારા જે તે વિષયનું જ્ઞાન તે મેળવે છે. બાળમેળાના આ વિભાગમાં તેને વ્યક્ત કરવા માટેની તક પૂરી પાડી શકાય

- મહાપુરૂષોના પ્રેરક પ્રસંગોનું વાંચન
- સમાચારપત્રમાં આવેલ કોઈ સારા લેખનું વાંચન
- રેલ્વેનું સમયપત્રક, યોગ્ય રીતે લખાયેલ સરનામું, રજાચિઠ્ઠી વગેરેનું અવલોકન
- નાના નાના નિબંધ અર્થવિસ્તારનું વાંચન-લેખન
- નાની બેંકની પ્રતિકૃતિ ઉભી કરી બેંકના વ્યવહારો-ચેક ડ્રાફ્ટ-લોકરની સમજૂતી
- વિજ્ઞાન-ગણિત પ્રદર્શન માટે શાળાએ તૈયાર કરેલ કૃતિનો પરિચય
- વિજ્ઞાનના અંધશ્રદ્ધા દુર કરતા નાના નાના પ્રયોગોનું અવલોકન

- ➡ શાળાના કોઈ બાળકની કોઈ કૌશલ્યની સિધ્ધિ દા.ત. યોગ, તબલાવાદન, ચિત્ર દોરવા, બહેનોની કોઈ ભરત ગુંથણીનીકળા જેવા કૌશલ્યોનું અવલોકન અન્ય બાળકોને બાળમેળા દરમ્યાન કરાવી શકાય.

**૭. સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ :**

સ્પર્ધાત્મક કસોટીના યુગમાં બાળકને પાઠ્યક્રમની સાથે અભ્યાસક્રમમાં આવરી લેવાયેલ જ્ઞાન પુરૂ પાડવા માટે અને જીવન વ્યવહારમાં આવતી નાની મોટી સમસ્યાઓનો ઉકેલ હકારાત્મક વલણ દર્શાવીને કઈ રીતે કરવો તેવી કેટલીક પ્રવૃત્તિઓ

- ➡ સામાન્ય જ્ઞાન આધારિત વયકક્ષા મુજબની ૨૦ થી ૨૫ પ્રશ્નોની વૈકલ્પિક કસોટીઓ બાળકોને આપી શકાય
- ➡ વીજળીનો ફયૂઝ ઉડી ગયેલ હોય તો નવા તાર બાંધવા આપી શકાય
- ➡ નળના આંટા ખવાઈને ઢીલા થયા હોય અને તેમાંથી ટપકતું પાણી બંધ કરતા શીખવાડી શકાય
- ➡ સોય-દોરાથી કપડું સાંધવાનું આપી શકાય
- ➡ પોતાના સ્થાનિક વિસ્તારને અનુરૂપ અગત્યના ફોન નંબરોની જાણકારી (હેલ્પલાઈન નંબરો) આપી શકાય
- ➡ શિક્ષક કેટલીક તર્કબધ્ધ સમસ્યાઓ અને પ્રસંગો બાળકો સમક્ષ રજૂ કરે અને 'હું શું કરુ' ? જેવી રમત રમાડી શકાય દા.ત. ગાણિતિક કોયડાઓ, ભૂલભૂલામણીની રમતો, જુદા જુદા વિષયના ઉખાણા વગેરે....

**૮. સમુહજીવન અને બાલ પ્રદર્શન :**

પ્રાથમિક શાળાના બાળકો માટે આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણ આધારિત બાળમેળામાં-બાળગીતો-અભિનયગીતો-બાળવાર્તા-નાટકો-માટીકામ-ચિત્રકામ જેવી પ્રવૃત્તિઓ બાળકો જે રીતે હોંશે હોંશે કરતા એ જ રીતે જીવનકૌશલ્ય આધારિત બાળમેળાની વયકક્ષા મુજબની મહત્વની ગણી શકાય તેવી પ્રવૃત્તિ એટલે બાલ પ્રદર્શન.

''બાલપ્રદર્શન એટલે બાળકોને લગતી વસ્તુઓનું પ્રદર્શન કરીએ એમ નહિ, પણ બાળકો પોતાની શોધેલી અને એકઠી કરેલી (સંગ્રહ કરેલી) વસ્તુઓનાં પ્રદર્શનો પોતે જાતે ગોઠવે.''

આવા બાલપ્રદર્શનમાં બધા બાળકો ભેગા મળીને એકત્ર કરેલી વસ્તુઓ પ્રવૃત્તિ માટેના વિભાગમાં સુંદર અને સુશોભિત રીતે ગોઠવે છે. સૌના ઉમદા પ્રયત્નથી થોડા જ વખતમાં પ્રદર્શન ગોઠવાઈ જાય છે. જુદાજુદા બાળકોએ ભેગા મળીને ગોઠવેલ પ્રદર્શનની નવી નવી વસ્તુઓ જોઈને બાળકો પ્રથમ પોતે જ ખુશખુશ થઈ જાય છે અને જોતાં અને વખાણતાં ધરાતાં નથી અને પોતાનું આ પ્રદર્શન જોવા અન્ય બાળકો આવે છે ત્યારે તે બતાવવાનો આનંદ અને ગર્વ થાય તે તો જુદો જ.....!

★ જાત જાતનાં બાલપ્રદર્શનો :

- ➡ શાળામાં રહેલા પુસ્તકોનું પ્રદર્શન
- ➡ શાળામાં રહેલા શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન
- ➡ જુદીજુદી જાતનાં પાંદડા અને પીંછાઓનું પ્રદર્શન
- ➡ બાળકોએ વખતોવખત દોરેલા ચિત્રોનું પ્રદર્શન
- ➡ બહેનોના ભરતગુંથણના નમૂના કે આભુષણોનું પ્રદર્શન

➡ રંગબેરંગી કાકરા-છીપલા શંખલા જેવી વસ્તુનું પ્રદર્શન

➡ શાકભાજી-ફળ-ફુલનું પ્રદર્શન

➡ બાળકોની ભણવા માટેની ઉપયોગી વસ્તુઓનું પ્રદર્શન (જાતજાતની પેન્સિલ, રબ્બર, પેન, નોટબૂક, લંચબોક્સ, ફૂટપટ્ટી વગેરે......)

પ્રદર્શનની આ હારમાળા શાળાએ શાળાએ જુદીજુદી હોઈ શકે વળી બાળકોની બધી આનંદદાયી પ્રવૃત્તિમાં આ બાલપ્રદર્શનની પ્રવૃત્તિ ઘણી જ જુદી તરી આવે એવી છે.

બાલપ્રદર્શન એ બાળકોને બીજી કોઈપણ પ્રવૃત્તિ કરતાં જ્ઞાન આપવાનું ઉત્તમ સાધન છે. અનેક પ્રત્યક્ષ વસ્તુઓ ભેગી કરવી, તેને સુંદર રીતે ગોઠવવી, તેને બતાવવી એ બધામાં તે વસ્તુઓના ગુણધર્મો વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિ બાળકોમાં અનાયાસે કેળવાય છે.

બાલપ્રદર્શનનો એક અલગ વિભાગ પણ રાખી શકાય અને દરેક વિભાગમાં એક ખૂણામાં એક કે જુદીજુદી વસ્તુનું બાલપ્રદર્શન ગોઠવી શકાય.

**★ જીવનકૌશલ્ય આધારિત બાળમેળાની ફલશ્રુતિ**

➡ ધોરણ-૬ થી ૮ ના બાળકોને તેમની વયકક્ષા અનુરૂપ પ્રવૃત્તિઓ મળશે

➡ બાળકોમાં અતિ જરૂરી એવો સ્વજાગૃતિનો ગુણ વિકસશે

➡ બાળકોમાં સમુહજીવનની ભાવના કેળવાશે

➡ બાળકો સર્જનાત્મક ચિંતન કરતા થશે

➡ બાળકોમાં નિર્ણયશક્તિ વિકસસે અને સમસ્યા ઉકેલ તરફ આગળ વધશે

➡ બાળકો જુદી જુદી પરિસ્થિતિ સાથે અનુકુલન સાધતા થશે

➡ બાળકો મુશ્કેલ પરિસ્થિતિનો ઉકેલ લાવતા અને સ્થિર રહેતા (તનાવમુક્ત) શીખશે

➡ બાળકોની અવલોકન શક્તિ, કલ્પનાશક્તિ, વિચારશક્તિ વિકસશે

➡ બાળકોએ પ્રવૃત્તિ દ્વારા મેળવેલું જ્ઞાન ચીરસ્થાયી બનશે

